વિદ્યાર્થીઓની નોટબુકનાં લેખનમાં થતી ભૂલોમાં સુધારા થાય છે કે નહી. સ્વચ્છતા જાળવે છે કે નહી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી જેવા ભાષાના વિષયોમાં લેખન કાર્યમાં કાળજી રાખે છે કે નહિ. વિદ્યાર્થીની નોટબુક વ્યવસ્થિત રીતે લખાય છે કે નહી તેનું નિરીક્ષણ કરવુ.

❖ **વિષયની પસંદગી શા માટે કરી ?** વિદ્યાર્થીની નિયમિત નોટબુક ચકાસવામાં આવે તો તે ગૃહકાર્ય અને વર્ગકાર્ય સમયસર કરતા થાય છે. સ્પેલીગ, જોડણીમાં ભુલો સુધારે છે.ચકાસણી દરમિયાન શિક્ષક નોટબુકમાં સુધારા કરે છે જેથી વિદ્યાર્થી પણ પોતાની ભુલમાં સુધારા કરે છે.

❖ **સંશોધન માટે કયા નમૂના પસંદ કરવામાં આવ્યાં છે. :** સંશોધન માટે ધોરણ -૧ થી ૫ ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓની નોટબુક

❖ **સંશોધન માટે કઇ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. :** માહિતી સંગ્રહ પધ્ધતિ -વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી. ખુલ્લા પ્રકારનાં પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો. સાક્ષાત્કાર – શિક્ષકો સાથે સંવાદ અને અવલોકન.

❖ **સંશોધન પ્રક્રિયાનુ વર્ણન :** ધો. ૧ થી ૫ ગુજરાતી માધ્યમનાં વિદ્યાર્થીઓની નોટબુક ચકાસી તેમાં થતી ભુલો ની ચકાસણી કરવામાં આવી. ચકાસણી દરમિયાન શિક્ષકોને શું મુશ્કેલીઓ આવે છે તેની ચર્ચા કરી.શિક્ષકો અને વિદ્યાર્થીઓ જોડે પ્રશ્નાવલી ભરાવવામાં આવી જેથી શિક્ષકોને પડતી મુશ્કેલી વિશે જાણી શકાય.

❖ **માહિતીનું એકત્રીકરણ :**

- માહિતી એકત્રીકરણની સમય રેખા કુલ ૨ ,૩ અઠવાડિયાની હતી. - પ્રથમ સપ્તાહમાં વિદ્યાર્થીઓની નોટબુક ની ચકાસણી કરી.
- બીજુ સપ્તાહમાં પ્રશ્નાવલિ અને શિક્ષકો સાથે ચર્ચા. - ત્રીજા સપ્તાહમાં અવલોકન અને ડેટા ચકાસણી.

❖ **માહિતીનું પૃથકકરણ :** વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રશ્નાવલી તૈયાર કરી તેમની સમસ્યા જાણી. વિદ્યાર્થીઓની નોટબુકની ચકાસણી કરી અને તેમની નોટબુકની શા માટે ચકાસણી નથી થઇ તેની શિક્ષકો સાથે ચર્ચા કરી.

❖ **પરિણામો, તારણો**

શિક્ષક સાથે વાતચીત કરી. પ્રશ્નાવલી દ્ધારા તેમની સમસ્યાઓ જાણી.નોટબુક ચકાસણીથી વિદ્યાર્થીઓને કેવો લાભ થાય છે અને વાલીઓ ઉપર તેની શું અસર જણાય છે તે જોયું.

નોટબુક ચકાસણી એ માત્ર એક ફોર્માલિટિ નથી,પરંતુ વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક વિકાસ માટે સક્રિય અને અસરકારક સાધન છે.યોગ્ય અમલ કરવાથી તેનાં ઘણાં લાભો જોવા મળે છે.

❖ **અવલોકન :** જયાં નિયમિત ચકાસણી થાય છે ત્યાં વિદ્યાર્થીઓ નિયમિત લખે છે.જોડણીમાં થતી ભૂલો, સ્પેલીગમાં ભૂલોનો સુધારો કરીને લખે છે.વાલીઓ પણ સંતોષ વ્યકત કરે છે.

❖ **ભાવિ સંશોધન માટેના સૂચનો :** જો વિદ્યાર્થીઓની નોટબુક અઠવાડિયામાં એક વાર ચેક કરવામાં આવે તો વિદ્યાર્થીઓ પણ પોતાનું ગૃહકાર્ય સમય સર લાવે છે.

---



# વિષય : શિક્ષકો શાળાના વિદ્યાર્થીઓમાં કઇ કઇ બાબતોનું ઘડતર કરે છે. તેનો અભ્યાસ

**પરમાર પદમાબેન વી.**

(મ.શિક્ષક .પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :**

શાળાએ આપણા જીવનનો એક અગત્યનો હિસ્સો છે.જયાં માત્ર અભ્યાસ જ ન થાય,પણ એક સારી વ્યકિત બને તે માટેનું મૂળ ઘડાય છે. વિદ્યાર્થીઓના ચરિત્ર નિર્માણ, આચાર-વિચાર, શિસ્ત, સજજતા અને નૈતિક મૂલ્યોના વિકાસમાં શિક્ષકો મહત્વપૂણ ભૂમિકા ભજવે છે.

❖ **વિષયના શબ્દોનું અર્થઘટન :** વિદ્યાર્થીઓમાં શિસ્ત સારી ટેવો,અભ્યાસ ક્ષેત્રે, નૈતિક મૂલ્યોનું ઘડતર વ્યકિતત્વ વિકાસ,વિદ્યાર્થીના વર્તનનું નિરીક્ષણ સહઅભ્યાસી પ્રવૃતિ, સંસ્કાર, પ્રમાણિક, સદ્ગુણો, નેતૃત્વ વગેરે બાબતો માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા.

❖ **વિષયની પસંદગી :** વિદ્યાર્થીઓ શિસ્તમાં રહે., બાળકોમાં સુટેવો પડે., નૈતિક મૂલ્યોનું ઘડતર કરવા આધ્યાત્મિકતા તરફ પ્રેરાય. પા.પુના શીખેલા પાઠોને જીવન વ્યવહારમાં ઉતારે.

❖ **વિષયની પસંદગી કેવી રીતે કરી ? :** વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્ય વિકસે તે માટે આ વિષય પસંદ કર્યો પોતાના જ્ઞાનનો વ્યવહારુ જીવનમાં ઉપયોગ કરે.

❖ **સંશોધનના નમૂના :** (૧) પ્રશ્નનાવલિ (લેખિત/મૌખિક) (૨) સહ અભ્યાસી પ્રવૃતિની સ્પર્ધા. (૩) શ્લોકનુ ગાન

❖ **સંશોધન માટે કઇ પદ્ધતિનો ઉપયોગ કર્યો :** પ્રશ્નોતરી, સહઅભ્યાસી પ્રવૃત્તિની સ્પર્ધા, વિદ્યાર્થીના વર્તનનું નિરીક્ષણ